સુવિચાર
વિકલ્પો બહુ મળશે માર્ગથી ભટકવા માટે પણ સંકલ્પ એક જ જરૂરી છે, મંઝિલે પહોંચવા માટે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૫/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૩૭

## સાંસદ સુતરીયા, ધારાસભ્યો વેકરિયા, કસવાલા, કાકડીયા, સોલંકી, તળાવીયા અને ભાજપા પ્રમુખ કાનાણી દિલ્હી દરબારમાં

# અમરેલી જિલ્લાનાં વિકાસકાર્યો અર્થે કેન્દ્રમાં રજૂઆત

**જિલ્લાનાં ખેડૂતોને ડીએપી ખાતરની તકલીફ ન રહે તે માટે પણ રજૂઆત કરવામાં આવી**

**જિલ્લાનાં રેલ્વે સંબધિત પ્રશ્નોને લઈને મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે ચર્ચા કરવામાં આવી**

**કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને મનસુખભાઈ માંડવીયા સાથે પણ બેઠક યોજાઈ**

**જિલ્લાનાં મુખ્ય નેશનલ હાઈવેને ફોરલેનમાં ફેરવવા મંત્રી નીતિન ગડકરીને રજૂઆત**



સાવરકુંડલા, તા. ૨૧

અમરેલી જિલ્લાને વિકાસ માટેના વિવિધ પ્રશ્નો માટે સાંસદ અને ધારાસભ્યોની ટીમ દિલ્હી ખાતે રજૂઆત માટે પહોંચી. જેમાં ખાસ કરીને ખેતીવાડી માટે અતિઆવશ્યક ડી.એ.પી. ખાતરના પુરવઠા વિષયે રાસાયણિક ખાતર મંત્રી તેમજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ખાતરના પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ થાય તે માટે મંત્રી તરફથી હકારાત્મક આશ્વાસન મળ્યું છે તેમજ જિલ્લા નેશનલ માર્ગોની સ્થિતિ સુધારવા અંગે કેન્દ્રીય માર્ગ–મહેસૂલ મંત્રી નીતિન ગડકરી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જેમાં ખાસ કરીને બાઢડા–ગાવાકડા નેશનલ હાઈવેને ચાર માર્ગીય બનાવવાની, અમરેલી–બાબરા, ચાવંડ–લાઠી–અમરેલી તથા અમરેલી શહેર બાયપાસ (લાઠી રોડ સર્કલથી

અનુસંધાન પાના ૬ ઉપર

### કળિયુગી શ્રવણ વિરૂધ્ધ માતાની ફરિયાદ

# માતાએ રૂપિયા ૫૦૦ આપવાની ના પાડતા પુત્રએ હુમલો કરી ઈજા પહોંચાડી

**વૃધ્ધ માતાને સારવારમાં ખસેડવામાં આવી**

અમરેલી, તા. ૨૧

અમરેલીના કુંકાવાવ રોડ ઉપર આવેલ ભારતનગરમાં રહેતા મુસ્તાક ઉંમરભાઈ ચૌહાણ નામના આરોપીએ ગત તા. ૧૭ના રાત્રીના આશરે અગ્યારેક વાગ્યે પોતાની માતા પાસે પાંચસો રૂપિયા માંગેલ હતા. પરંતુ આરોપીની માતાએ પૈસા આપવાની ના પાડતા આરોપી પુત્રએ પોતાની જ માતાને ગાળો આપી પકડ લઈ માથાના ભાગે તથા કપાળના ભાગે તેમજ નાક ઉપર મારી નાક ઉપર ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા કરી તથા ડાબા હાથમાં તથા જમણા હાથના અંગુઠામાં પકડ વડ હુમલો કરતાં વૃધ્ધ માતાને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે. જયાં માતાએ પોતાના પુત્ર વિરૂધ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.

### લાપાળીયા ગામનાં ૬૯ વર્ષિય ખેડુત વૃધ્ધમાં ખુશીનો માહોલ

# તેરા તુજકો અર્પણ : અમરેલી પંથકમાં વ્યાજખોરે પચાવી પાડેલ ૯ વીઘા જમીન માલિકને પરત અપાવતી પોલીસ

**જિલ્લામાં વ્યાજખોરીનો શિકાર બનેલ નાગરિક માટે પોલીસ અર્ધી રાતનો હોંકારો**

અમરેલી, તા. ૨૧

અમરેલી તાલુકાના લાપાળીયા ગામે રહેતા કનુભાઈ જાદવભાઈ લુણાગરીયા નામના ૬૯, વર્ષિય વૃધ્ધ ખેડુતે વ્યાજખોર બાબુભાઈ પરશોત્તમભાઈ તેરૈયા નામના ઈસમ સામે વ્યાજખોરી બાબતે પોલીસમાં અરજી કરેલ હતી. જે બાબતે જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા આ અરજી બાબતે યોગ્ય કાર્યવાહી કરવા સુચના આપેલ હતી. અને પોલીસમાં ફરિયાદ પણ નોંધાયેલ હતી.

આ બનાવમાં કનુભાઈ જાદવભાઈ લુણાગરીયાના દિકરા શૈલેષ લુણાગરીયાએ આજથી ચારેક વર્ષ પહેલા બાબુભાઈ પરશોત્તમભાઈ તેરૈયા પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦ વ્યાજે લીધેલ હતા. જેના પર આરોપીએ



અરજદાર પાસેથી દર માસે ૧૦% લેખે ચક્રવૃધ્ધી વ્યાજ લગાવી, તેમના પરીવારને ધાક ધમકી આપી પ્રથમ રૂપિયા ૧૨,૦૦,૦૦૦ ની પઠાણી ઉઘરાણી કરેલ અને અવાર નવાર વૃધ્ધના ઘરે જઈ તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધી Advance Maths-Science, રીઝનિંગ English અને ની આપ દુ કેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board ધરાવતા કલાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

# દિ'ઉગતા જ ભારે પવન સાથે કમોસમી વરસાદ

# સાવરકુંડલામાં ભરઉનાળે વાવાઝોડા જેવો માહોલ સર્જાયો

ગણતરીની મિનિટોમાં ઠેકઠેકાણે પાણી ભરાયા અને ચોમાસાને ટકકર મારે તેવો માહોલ જોવા મળ્યો

ભારે પવન સાથે દે ધનાધન પડેલ કમોસમી વરસાદથી કેરી સહિતનાં પાકોને વ્યાપક નુકસાન

અસહ્ય ગરમી વચ્ચે થોડીવાર જ વાતાવરણમાં ઠંડક પ્રસરી

આગામી દિવસોમાં પણ ભારે પવન સાથે વરસાદ ખાબકે તો નવાઈ નહી



સાવરકુંડલા, તા. ૨૧

આજરોજ સવારે નવ આસપાસના ગાળામાં અચાનક વાતાવરણમાં પલટો આવતાં શહેરમાં જોરદાર પવન સાથે કમોસમી વરસાદ તૂટી પડતાં રસ્તા પર પાણી ફરી વળ્યા. પવનના જોરદાર ઝાટકાથી વાતાવરણ એવું સર્જાયું જાણે મિની વાવાઝોડું.!! અનેક વિસ્તારોમાં સંપૂર્ણ ચોમાસા જેવો ઘાટ ઘડાયો હતો. વરસાદના કારણે ચેક ડેમો ઓવરફલો થયાના સમાચારો જાણવા મળે છે. આમ ભર ઉનાળામાં આ કમોસમી વરસાદને કારણે ચોમાસા જેવો માહોલ સર્જાયો. આમ કમોસમી વરસાદે ભારે કઠણાઈ સર્જેલી જોવા મળી. આ કમોસમી વરસાદને કારણે ઉનાળું પાક તેમજ કેરીના પાકને ભારે નુકસાન થવાનો સંભવ છે. એકદમ ગરમ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ધરતીપુત્રો ભારે ચિંતાતુર. હજુ પણ વાતાવરણ જોતાં આગામી સમયમાં પણ કમોસમી વરસાદ ત્રાટકવાની શકયતાઓ જોવા મળે છે.

## કોટન જીનમાં કમ્પાઉન્ડમાં ખાટલા પર સુતો હોય

# અમરેલીનાં કેરિયાનાગસમાં ટ્રકનો જોટો ફરી વળતાં તરૂણનું મોત

### પોલીસે નાસી છુટેલ ટ્રક ચાલકની શોધખોળ શરૂ કરી

અમરેલી, તા. ૨૧

અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે પોદાર સ્કુલની પાછળ આવેલ નાગનાથ કોટનમાં રહેતા દિનેશભાઈ ગગજીભાઈ દેવી પુજક નામના ૬૦ વર્ષિય વૃધ્ધના દિકરો લક્કી ગઈકાલે અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે પોદાર સ્કુલની પાછળ આવેલ નાગનાથ કોટનમાં જીનના કંપાઉન્ડમાં ખાટલો પાથરીને સુતો હોય. ત્યારે ટ્રક નં. જી.જે.–૧૪ એકસ–૪૮૬૯ના ચાલક કાનાભાઈએ પોતાના હવાલાવાળો ટ્રક બેફિકરાઈ રીતે પાછળ ચલાવી વૃધ્ધનો ૧૩ વર્ષિય દિકરો લક્કી જીનના કંપાઉન્ડમાં ખાટલો પાથરીને સુતો હોય તેની ઉપર ચાલકે ટ્રકનો જોટો ફેરવી દઈ ફરિયાદીના દિકરા લક્કીને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાંથી વધુ સારવાર માટે રાજકોટ રિફર કરાયેલ પરંતુ બાબરા ગામ પાસે પહોંચતા જ આ ૧૩ વર્ષિય કિશોરનું મોત નિપજાવી આરોપી પોતાના હવાલાવાળો ટ્રક મુકી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ન કાર મળી, ન રૂપિયા પરત મળ્યા

# સાવરકુંડલાનાં વૃધ્ધે કાર માટે રૂપિયા ૮ લાખ આપ્યા અને થઈ છેતરપીંડી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે મહુવા રોડ ઉપર આવેલ પંચવટી સોસાયટીમાં રહેતા વિનોદરાય ડાહ્યાલાલ રાવલ નામના ૬૧ વર્ષિય વૃધ્ધને ફોર વ્હીલ ગાડી જરૂરીયાત હોય. જેથી તેઓએ કાર ખરીદવા માટે થઈ તે જ ગામે રહેતા આરોપી મુસ્તુફાભાઈ દલ મારફતે વડોદરા ગામે રહેતા આરોપી પરવેઝભાઈ નકુલ પાસેથી ફોર વ્હીલ અર્ટીગા કાર કિંમત રૂપિયા ૯,૦૫,૦૦૦માં લેવાનું નક્કી કરેલ. જેથી વૃધ્ધે આરોપી મુસ્તુફાભાઈ દલના કહેવાથી વડોદરા રહેતા આરોપીના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૮,૦૦,૦૦૦ આરટીજીએસથી ગતતા. ૨૦/૨/૨૫થી ટ્રાન્સફર કરી આપેલ હતા. ત્યાર બાદ આજદીન સુધી વૃધ્ધે પસંદ કરેલ અર્ટીગા કાર કે ટ્રાન્સફર કરેલ રૂપિયા વૃધ્ધને પરત મળેલ ના હોય અને આ બન્ને આરોપીઓ અવાર નવાર ખોટા વાયદા આપી વૃધ્ધના રૂપિયા ૮,૦૦,૦૦૦ લઈ ગાડી નહી આપી વૃધ્ધ સાથે છેતરપીંડી કરી ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ઈન્ચાર્જ અધિકારીથી અરજદારોનાં કાર્યો ટલ્લે ચડે છે

# ભાઈ સા'બ : વડિયા, કુંકાવાવ પંથકમાં કાયમી ધોરણે અધિકારીઓની નિમણુંક કરો

### પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ કરી માંગ

અમરેલી, તા. ૨૧

વડીયા કુકાવાવ તાલુકામાં મુખ્ય જગ્યાઓ જેવી કે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ ઓફીસર, સબ રજીસ્ટાર, પીઆઈ સહિતની પોસ્ટ ખાલી જોવા મળી રહી છે.

તાલુકાના મુખ્ય અધિકારીઓની પોસ્ટ હોવાથી સમગ્ર તાલુકાનું વહીવટી તંત્ર ચાર્જમાં ચાલતું હોય તેમ જોવા મળી રહ્યું છે.

વડીયા કુંકાવાવ તાલુકામાં સમગ્ર તાલુકાના વિકાસ કાર્યો, કાયદો અને વ્યવસ્થા, જમીન મહેસુલ, આરોગ્ય



વગેરેની જવાબદારીએ તાલુકાના મુખ્ય અધિકારીઓ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારીને શિરે હોય છે.

પરંતુ તાલુકામાં તાલુકા લેવલે પણ પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાથી અધિકારીઓ અને કર્મચારીઓ માટે સજાનું કેન્દ્ર હોવા છતાં કોઈ અધિકારી અહીં નોકરી જાણે ઈચ્છાશકિત ધરાવતો જ ના હોય તેવી સ્થિતિને કારણે સમગ્ર તાલુકામાં જાણે ચાર્જમાં ચાલતું હોય તેવું જોવા મળી રહ્યું છે.

કુકાવાવ, વડીયા તાલુકાના મહત્વના કાયમી અધિકારીઓની નિમણુક કરવાની માંગ પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ કરી છે.

# સાવરકુંડલાનાં સામાજીક કાર્યકર મોહસીન ધાનાણીનો આજે જન્મદિન

અમરેલી, તા. ૨૧



સાવરકુંડલાના સામાજીક કાર્યકર અને ભાજપના આગેવાન અને અમરેલી સૌરાષ્ટ્ર લાઈફ લાઈન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને અભિયાન સેવા ટ્રસ્ટના સભ્ય મોહસીન ધાનાણીનો આજે જન્મ દિવસ હોઈ અને લોકો માટે પડતી મુશ્કેલીમાં હંમેશા સાથે રહેનાર અને શિક્ષણ ક્ષેત્રની સાથો સાથ આરોગ્યને લગતી કોઈપણ તકલીફ કે મદદની જરૂર હોય અને લોકો માટે પડતી સેવા અર્થ પહોંચી વળે છે. આ સિવાય ગરીબ દર્દીઓને ફૂટ વિતરણ દવા પુરી પાડવાની મૂક મને થતી સેવા પણ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે સ્થાનીક લેવલે સેવા કરતી અનેક સામાજીક સંસ્થા સાથે પણ સંકળાયેલા હોવાના કારણે વિશાળ મિત્ર વર્તુળ ધરાવે છે અને તમામ ક્ષેત્ર તમામ સમાજના લોકો સાથે પોતે ધરોબો ધરાવે છે. આજ સગા સ્નેહીઓ તેમના મો.નં. ૯૮૯૮૫ ૩૫૪૭૯ પર આજ તેમના જન્મદિનની શુભકામનાં પાઠવી રહ્યા છે.

# અમરેલીમાં આજે પ્રહલાદ મોદીનું સ્વાગત કરાશે

અમરેલી, તા. ૨૧



ગુજરાત ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ અને નરેન્દ્ર ભાઈ મોદીના લઘુબંધુ પ્રહલાદભાઈ મોદી વિવિધ વેપારી સંગઠનોની મુલાકાત કરવાના આવતીકાલે અમરેલી શહેરમાં મુલાકાત લેવાના છે ત્યારે અમરેલી જિલ્લા ફેરપ્રાઈઝ એસોસિએશન વતી જિલ્લા ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનના પ્રમુખ જીલુભાઈ વાળા દ્વારા તેમનું સ્વાગત તથા સન્માન કરવામાં આવશે એ અનુસંધાને અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઈન્દીરા શોપિંગ સેન્ટર તથા અમરેલી રીટેલ અનાજ કરીયાણા એસોસિયેશન મોટાં બસ સ્ટેન્ડ વેપારી એસોસિયેશનના હોદ્દેદારો દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે એમ યોગેશ ગણાત્રાની યાદીમાં જણાવ્યું છે.


## કોન્ટ્રાકટર કમલેશ કોરાટની પુત્રી

# અમરેલીની ચિ. દિક્ષા કોરાટે અમેરિકામાં એમ.ડી. ની ડીગ્રી મેળવી ગૌરવ વધાર્યુ

### કોરાટ પરિવારનું ગૌરવ વધાર્યુ

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં જાણીતા બાંધકામ કોન્ટ્રાકટર કમલેશ કોરાટની લાડલી દિકરી ચિ. દિક્ષા કોરાટે અમેરિકા ખાતે તાજેતરમાં આઈ.ટી.માં માસ્ટર ડીગ્રી મેળવી સમગ્ર કોરાટ પરિવારનું ગૌરવ વધારેલ છે.



## ૭૦ લીટર દેશી દારૂની સાથે

# બગસરાનાં લુંધીયા ગામેથી વિદેશી દારૂની ૧૮૦ બોટલ ઝડપાઈ

### એક આરોપીની અટકાયત અન્ય એકની શોધખોળ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૧

બગસરા તેમજ આજુબાજુના ગામોમાં આજકાલ દારૂનું વેચાણ વધી રહયું છે. જયારે આ બાબતે શહેરના પોલીસ સ્ટેશન ધ્વારા બાતમીના આધારે આજે બગસરાના લુધીયા ગામે રેડ પાડવામાં આવી હતી. જેમાં ત્રણ શકશો ઉપર ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં વનરાજભાઈ માણાભાઈ ચાવડા રહે લુધીયા ગામમાં તેના રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની મોટી માત્રામાં બોટલો મળી આવેલ હતી. તેમજ દેશી દારૂનો પણ મોટી માત્રામાં જથ્થો મળી આવેલ હતો. જેમાં ૧૮૦ બોટલ ઈંગ્લિશ દારૂ તેમજ ૭૦ લીટર દેશી દારૂ આમ કુલ મળી ૨૫૨૪૦ના મુદ્દામાલ સાથે પકડવામાં આવેલ હતો. તેમજ નાગરાજ ઉર્ફે યુવરાજ વનરાજભાઈ ચાવડા રહે લુધીયા અને ભુપતભાઈ કાનાભાઈ વાઘેલા રહે આંબાગાળ ઉપર ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં વનરાજભાઈ માણાભાઈ ચાવડા ની ધરપકડ કરવામાં આવી છે. તેમજ બીજા અન્ય આરોપી ફરાર હોવાથી અટક કરવામાં આવેલ નથી. જયારે વધુ તપાશ બગસરા પોલીસ પી આઈ સાલુકે ધ્વારા હાથ ધરવામાં આવી છે.

## આગામી કલાકોમાં વાવાઝોડાની સંભાવનાને લીધે

# જાફરાબાદ : મધદરિયે માચ્છીમારી માટે ગયેલ તમામ બોટને પરત ફરવા સુચન

### બોટ દરિયામાં જોવા મળશે તો કાર્યવાહી કરાશે

જાફરાબાદ, તા.૨૧

IMDની આગાહી મુજબ કર્ણાટક કિનારાથી પૂર્વ – મધ્ય અરબી સમુદ્રમાં ઉપરી હવાના ચક્રવર્તી પરિભ્રમણના પ્રભાવ હેઠળ ૨૧ મેં ૨૫ના રોજ બપોરે લગભગ આ જ પ્રદેશ પર એક નીચા દબાણનો વિસ્તાર બનવાની સંભાવના છે. ત્યારબાદ તે ઉત્તર તરફ આગળ વધવાની અને આગાહી ૩૬ કલાકમાં ડિપ્રેશનમાં વધુ તીવ્ર બનવાની સંભાવના તે તેના પ્રભાવ હેઠળ છૂટાછવાયા ભારેથી અતિભારે વરસાદ, તોફાની હવા ૫૦–૬૦ કિમી પ્રતિ કલાક ઝડપે પવન ફુંકાશે તે બાબતોને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠે માછીમારી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ તથા દરિયામાં રહેલી માછીમારી બોટોને તાત્કાલિક બંદર પરત ફરવાનો આદેશ આપતો પત્ર જાહેર કરતા અને પત્રની અમલવારી કરવા માટે જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમક કચેરી દ્વારા સાગરખેડૂઓને દરિયો ન ખેડવા સુચના અને મધદરિયે માછીમારી કરવા ગયેલ બોટો પરત બોલાવી લેવા સુચના આપવામાં આવી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

સુચનાની અમલવારી નહીં કરવામાં આવે તો અને બોટો દરિયામાં હોવાનુ ધ્યાને આવશે તો તેમના વિરૂધ્ધ મત્સ્યોદ્યોગ કાયદા મુજબ અન્વયે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી કડક સુચના આપવામાં આવી છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## સાવરકુંડલા ખાતે રહેતા અશોકભાઈ મહેતાએ જબ્બરૂ કરી નાખ્યું

# આંબા સેવા સહકારી મંડળીનાં મંત્રીએ ૧.૬૧ કરોડની ઉચાપત કરી

### નાના એવા ગામની સહકારી મંડળીમાં મસમોટી રકમની ઉચાપત થતાં સહકારી જગતમાં ભૂકંપ

### ધિરાણનાં હપ્તાની, વ્યાજની, શેરની અને ખાતરની રકમ ઘરભેગી કરી દીધી

### આંબા ગામની જિલ્લા બેન્કમાં મોટી રકમ જમા ન કરાવીને ઘરમાં ભરી દીધી

### લીલીયા પોલીસે ગુન્હાહિત વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી નાણાની ઉચાપત કર્યાનો ગુન્હો નોંધ્યો

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ગાયત્રી સોસાયટીમાં રહેતા અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા નામના આરોપીએ લીલીયા તાલુકાના આંબા ગામે આવેલ સેવા સહકારી મંડળી લી. આંબા (શ્રી ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.)માં મંત્રી તરીકેની ગત તા. ૫/૭/૨૪થીતા. ૧૭/૧/૨૫સુધીનીફરજ દરમ્યાન મંડળીના અલગ અલગ સભાસદો પાસેથી મધ્યમુદતધિરાણની હપ્તાની તથા વ્યાજની તથા શેરની રકમ તથા મંડળીના રાસાયણીક ખાતરના વેંચાણની કુલ રકમ રૂા. ૧,૭૧,૨૧,૪૫૭.૭૭/– પુરા અંકે રૂપિયા (એક કરોડ એકોતેર લાખ એકવીસ હજાર ચારસો સતાવન અને સત્યોતેર પૈસા પુરા) મંડળીના રોજમેળ માં જમા લઈ અને આ નાણાની સીલક ગેરકાયદેસર રીતે મર્યાદા બહારની સિલકહાથ ઉપર રાખી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. આંબા ખાતે આવેલ શાખામાં જમા ન કરાવી અને આરોપીએ નાણાની ઉચાપત કરી પોતાના અંગત ઉપયોગમાં લઈ મંડળી તથા બેન્ક સાથે છેતરપીંડી તથા વિસઘાત કરેલ હતી. અને મંડળીની રકમની ઉચાપત જાહેર થતા આરોપીએ ગઈ તા. ૧૮/૨/૨૫ના રોજ મંડળીના ઉચાપતની સીલક પૈકીના નાણા રૂા. ૪,૫૧,૪૩૨ તથા તા. ૭/૫/૨૫ના રોજ રૂા. ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૯,૫૧,૪૩૨ બેન્કમાં જમા કરાવી બાકીના રૂા. ૧,૬૧,૭૦,૦૨૫.૭૭ અંકે રૂપિયા (એક કરોડ એકસઠ લાખ સીતેર હજાર પચ્ચીસ અને સત્યોતેર પૈસા પુરા) બેન્કમાં જમા નહિ કરાવી તેમના અંગત ઉપયોગમાં લઈ આંબા સેવા સહકારી મંડળી તથા અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક (આંબા શાખા) સાથે ગુન્હાહીત વિસઘાત તથા છેતરપીંડી કરી નાણાની ઉચાપત કરી ગુન્હો કર્યા અંગેની લીલીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### દેશના જવાનોની બહાદુરીને સન્માનીત કરવા

## અમરેલીનાં સરંભડા ખાતે શુક્રવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

### નાયબ દંડક કૌશિક વેકરિયા ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૨૧

અમરેલીના સરંભડા ખાતે શુક્રવારે તા. ૨૩ મેનસવારે ૯થી ૧૨સુધી ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–વાંકિયા, આયુષ્યમાનઆરોગ્યમંદિર–સરંભડાનાં ઉપક્રમેવેદવોલન્ટરીબ્લડબેન્કઅને કે.કે. શાહજનતાવિદ્યાલયનાંસહયોગથીદેશના જવાનોની બહાદુરી ને અનોખી રીતે સન્માનિતકરવામાટેમેગાબ્લડડોનેશન કેમ્પનું આયોજન સવારે ૯ થી ૧૨ સુધી રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં નાયબદંડકકૌશિકવેકરિયાપણઉપસ્થિત રહેશે. રકતદાતાઓને રકતદાન કરવા અનુરોધ કરવામાં આવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮


### કમાન્ડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી પોલીસે સુંદર કામગીરી કરી

## વાહ સિટી પોલીસ : જાહેર માર્ગ ઉપર સોના–ચાંદીનાં દાગીના, રૂપિયા ૨૫ હજાર પડી ગયેલ હોય મુળ માલીકને પરત કરાવ્યા

### એક ખેડુતની કિંમતી બિયારણ ભરેલ બેગ પડી ગયેલ તે પણ પરત અપાવી



અમરેલી, તા. ૨૧

અમરેલીસિટીપોલીસટીમ જાહેર માર્ગ ઉપર કોઈ વ્યકિતની કોઈ વસ્તુ પડી જાય ગુમ થાય તો નેત્રમની મદદથી મુળ માલીકને પરત કરાવતી હોવાનાંઅનેકકિસ્સાબાદવધુબેકિસ્સા પ્રકાશમાંઆવેલછે.

પ્રથમબનાવમાંઅમરેલીના મનસીટીએપાર્ટમેન્ટમાંરહેતાઅલ્કાબેને અમરેલીસીટીપોલીસસ્ટેશનખાતેરૂબરૂ આવી જણાવેલ કે, તેઓ તથા તેમના મિત્રોઅમરેલીબાયપાસઆર.ટી.ઓ. પાસેમનસીટીથીરીક્ષામાંલાઠીચોકડી તરફજતાહોયત્યારેતેમનોતથાતેમના મિત્રોનો સામાન એક ટ્રોલીબેગ જેમા કપડાતથારોકડારૂપિયા૨૫,૦૦૦તથા પગમાંપહેરવાનાચાંદીનીપાયલતથા નાકમાંપહેરવાનોસોનાનીચુક (દાણો) તથા કાનમાં પહેરવાની સોનાની બુટી મનસીટી થી લાઠી ચોકડી સુધીમાં રોડ ઉપરક્યાકપડીગયેલછે. જેનીશોધખોળ કરતા મળી આવેલ નથી તેવું જણાવતા અમરેલી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાએઆસામાનનીશોધખોળકરવા બહારપરા બીટના સ્ટાફને સૂચના આપતાબહારપરાબીટવિસ્તારનાસ્ટાફ દ્વારા અલગ–અલગ જગ્યાએ તપાસ કરતા તથા કમાંડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી તપાસ કરતા આ સામાન એક ઈસમને મળેલ હોવાનું કમાન્ડ કંટ્રોલ નેત્રમના કેમેરામાં જોવા મળતા તેની તપાસ કરતા સદર ઈસમને શોધી તેને સદર સામાન ટ્રોલી બેગ રસ્તામાંથી મળેલ હોવાનું જણાવતા તેઓ પાસેથી ટ્રોલીબેગ મેળવી અને મુળ માલીકને બોલાવીસામાનનીખરાઈ કરીટ્રોલીબેગ સહિતનો સમાન મુળ માલીકને સોપી આપેલછે.

બીજા બનાવમાં મુળ સુર્યપ્રતાપગઢના વતની અને હાલ અમરેલીનાજેશીંગપરામાંરહેતાદૈનિક નારણભાઈવઘાસીયાએઅમરેલીસીટી પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ આવી જણાવેલ હોય કે તેઓએ જુના માર્કેટીંગ યાર્ડમાથી કપાસનું બિયારણ પેકેટ નંગ–૧૪ કિમત રૂપિયા ૧૨,૬૧૪ની ખરીદી કરેલ હોય જે એક બેગમાં નાખી પોતાના મોટર સાઈકલની પાછળ મુકી જેશીંગપરામાં જતા હતા ત્યારે રસ્તામાં કયાક આ બેગ ખોવાઈ ગયેલ હોય, જેથી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાએ બહારપરા બીટના સ્ટાફને સુચના આપતાબહારપરાબીટવિસ્તારનાસ્ટાફ દ્વારા અલગ–અલગ જગ્યાએ તપાસ કરતા તથા કમાંડ કંટ્રોલરૂમ નેત્રમની મદદથી તપાસ કરતા સદર બેગ એક ઈસમને મળેલ હોવાનું કમાન્ડ કંટ્રોલ નેત્રમના કેમેરામાં જોવા મળતા તેની તપાસ કરતા સદર ઈસમને શોધી તેને સદર સામાન બેગ રસ્તામાથી મળેલ હોવાનુંજણાવતાતેઓપાસેથીબેગમેળવી મુળ માલીકને બોલાવી સામાનની ખરાઈ કરીબીયારણનીથેલીવાળોબેગ મુળ માલીકને સોપી આપી પ્રસશંનીય કામગીરી કરેલ છે.


પ્રિસીસન ટેલીકોમ
Total Solution of Tele Comunication & Video Surveillance...
CCTV કેમેરા, NVR, DVR વાયરલેસ સિક્યુરીટી સિસ્ટમ
ટેલીફોન, કોર્ડલેસ ફોન | WI-FI મોડેમ
EPABX | નોટ કાઉન્ટીંગ મશીન
વેચાણ તથા રિપેરીંગ
ફક્ત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
કમલેશ ટાંક
9825176163

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### અદાણી વિવાદમાં કોંગ્રેસના પ્રહાર

# ભારતનું સૌથી મોટું કૌભાંડ છુપાવવા સરકારના પ્રયાસ

## અદાણી જૂથે પોતાની જ કંપનીમાં બેનામી રોકાણ માટે બનાવેલા મોરેશિયસના બે ફંડને સેબીની નોટિસઃ જયરામ રમેશ

નવી દિલ્હી, તા.૨૧

અદાણી જૂથ દ્વારા ભારતનું સૌથી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યુ હતું કે, ડબલ એન્જિનની મોદાણી કથા હજુ ચાલુ જ છે. સેબી (સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) દ્વારા અદાણી જૂથના શેર ધરાવનાર બે ઓફશોર ફંડ્સને દંડ સાથે નોટિસ અપાઈ છે. મોરેશિયસ સ્થિત આ બંને ફંડ્સ મારફતે અદાણી જૂથ દ્વારા પોતાની જ કંપનીઓમાં બેનામી રોકાણ થઈ રહ્યું છે. સેબી અથવા અદાણી ગ્રૂપ દ્વારા જયરામ રમેશના આક્ષેપો અંગે કોઈ ખુલાસો થયો નથી.કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે, સેબીએ મોરેશિયસ સ્થિત ઈલારા કેપિટલ સંચાલિત બે ઓફશોર ફંડ્સ (ઈલારા ઈન્ડિયા અપોર્ચ્યુનિટીસ ફંડ અને વેસ્પારા ફંડ) પાસે શેર હોલ્ડિંગ માહિતી માગી છે. માહિતી ન અપાય તો દંડ સાથે લાઈસન્સ રદ કરવાની નોટિસ સેબી દ્વારા અપાઈ છે. એક્સ પ્લેટફોર્મ પર રમેશે પોસ્ટમાં જણાવ્યું હતું કે, અદાણીના બેનામી રોકાણો માટે આ બે ફંડનો ઉપયોગ થતો હતો. અદાણીએ પોતાની જ કંપનીમાં રોકાણ માટે ઓફશોર ફંડ ઊભા કરી સેબીના નિયમોનો ભંગ કર્યો છે. આ બંને ફંડ દ્વારા સેબી સમક્ષ ભૂલ સ્વીકાર્યા વગર ટોકન ફી ભરી સેટલમેન્ટ કરવા રજૂઆત થઈ હોવાનો દાવો કરતા રમેશે જણાવ્યુ હતું કે, ડિસેમ્બર ૨૦૨૨માં ઈન્ડિયા અપોર્ચ્યુનિટીસ ફંડે અદાણી જૂથની ત્રણ કંપનીમાં ૯૮.૭૮ ટકા અને વેસ્પારા ફંડે જૂન ૨૦૨૨માં ૯૩.૯ ટકા રોકાણ કરેલુ હતું. સેબીના આ પગલાથી તપાસમાં પ્રગતિ થઈ હોવાનો ભાસ થઈ શકે છે, પરંતુ સુપ્રીમ કોર્ટે બે મહિનામાં તપાસ પૂરી કરવા નિર્દેશ આપ્યા હતા. આમ છતાં, 'મોદાણી'ના લાભ માટે તપાસને બે વર્ષથી ખેંચવામાં આવી રહી છે.

### EDનો કોર્ટમાં દાવો

# સોનિયા-રાહુલ ગાંધીએ ગુનાથી ૧૪૨ કરોડ રૂપિયા કમાયા

## કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે

નવી દિલ્હી, તા. ૨૧

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૪૨ કરોડ રૂપિયાની ગુનાહિત આવકનો કથિત રીતે લાભ મેળવ્યો છે, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે. ED ના ખાસ વકીલ ઝોહેબ હુસૈને દલીલ કરી હતી કે ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવેલી કોઈપણ મિલકત ગુનાની આવક તરીકે લાયક ઠરે છે. આમાં ફક્ત સુનિશ્ચિત ગુનાઓમાંથી મળેલી મિલકતોનો જ સમાવેશ થતો નથી, પરંતુ તે મિલકતો સાથે જોડાયેલી આવકનો પણ સમાવેશ થાય છે.

EDના ખાસ ફરિયાદી ઝોહેબ હુસૈને દાવો કર્યો હતો કે આરોપીઓને મળેલી ૧૪૨ કરોડ રૂપિયાની ભાડાની આવકને ગુનાની આવક તરીકે ગણવી જોઈએ. તેમણે કહ્યું કે સોનિયા અને રાહુલ ગાંધી, જેમની પાસે યંગ ઈન્ડિયનમાં સામૂહિક રીતે ૭૬% હિસ્સો છે, તેઓ બ્રીચ ઓફ ટ્રસ્ટમાં સામેલ હતા. ઈડી અનુસાર, યંગ ઈન્ડિયનએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) પાસેથી માત્ર ૫૦ લાખ રૂપિયામાં ૯૦.૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ ખરીદી હતી.

ગયા મહિને દાખલ કરાયેલી ચાર્જશીટમાં, ઈડીએ સોનિયા, રાહુલ અને અન્ય ઘણા લોકો પર ૯૮૮ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની અનેક કલમો હેઠળ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ બનાવવામાં આવ્યા છે, જ્યારે તેમના પુત્ર રાહુલ ગાંધી, જે લોકસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે, તેમને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે.

તેની ચાર્જશીટમાં, કેન્દ્રીય એજન્સીએ તેના આરોપોને સાબિત કરવા માટે આવકવેરા વિભાગના ૨૦૧૭ ના આકારણી આદેશ પર આધાર રાખ્યો છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) ના અગ્રણી સભ્યોએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) અને યંગ ઈન્ડિયનના મુખ્ય અધિકારીઓ સાથે મળીને AJL ની મિલકતો પર નિયંત્રણ મેળવવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેની કિંમત આશરે રૂ. ૨,૦૦૦ કરોડ હોવાનું માનવામાં આવે છે.

નોંધનીય છે કે AJL એક અનલિસ્ટેડ પબ્લિક કંપની છે, જે ઐતિહાસિક રીતે નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશન સાથે સંકળાયેલી છે. નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના ૧૯૩૮માં ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કરવામાં આવી હતી. આ અખબાર સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન કોંગ્રેસ પાર્ટીનું મુખપત્ર બન્યું. તે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જેની સ્થાપના ૧૯૩૭માં થઈ હતી. AJL પાસે દિલ્હી, મુંબઈ, લખનૌ અને અન્ય શહેરોમાં ઘણી અત્યંત મોંઘી મિલકતો હતી, જે તેને સરકારી છૂટછાટો પર મળી હતી. સમય જતાં, નાણાકીય મુશ્કેલીઓ અને નુકસાનને કારણે ૨૦૦૮ માં અખબારનું પ્રકાશન બંધ થઈ ગયું. તે સમયે, છત્તન પર કોંગ્રેસ પાર્ટીનું ૯૦ કરોડ રૂપિયાથી વધુનું દેવું હતું. ભાજપના વરિષ્ઠ નેતા અને વકીલ સુબ્રમણ્યમ સ્વામીએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ દિલ્હીની એક કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે ગાંધી પરિવારે યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ (YIL) નામની કંપની દ્વારા AJL ની મિલકતો કપટથી હસ્તગત કરી હતી. તેમના મતે, આ સમગ્ર પ્રક્રિયા ગેરકાયદેસર હતી અને તેનો હેતુ ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિનો કબજો લેવાનો હતો.

### ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા માટે નિર્ણય

# અધિકારીઓ નિયુક્ત કરવા રાજ્યોને SCનો આદેશ

## સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કોઇ મહિલા કાનૂની સહાય કે સલાહ માગે તો તેમને ઝડપથી મળવી જોઇએ

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જિલ્લા અને તાલુકા સ્તરે મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓની ઓળખ કરવા અને તેમને સુરક્ષા અધિકારીઓ તરીકે નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ પ્રોટેક્શન ઓફિસરને ઘરેલુ હિંસાનો ભોગ બનેલા લોકોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવાનું કામ સોંપવામાં આવશે.ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બનેલી ખંડપીઠ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તથા મહિલા અને બાળ/ સમાજ કલ્યાણ વિભાગના સચિવોને ઘરેલુ હિંસા કાયદા હેઠળ અધિકારીઓને સુરક્ષા અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા માટે સંકલન અને ખાતરી કરવાનો આદેશ આપ્યો હતો. તેઓ કાયદાની જોગવાઈઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે મીડિયા દ્વારા વ્યાપક પ્રચાર કરીને કલમ ૧૧ હેઠળ તેમની ફરજો નિભાવવા માટે પણ પગલાં લેશે. તેઓ કાયદા હેઠળ સેવાઓનું અસરકારક સંકલન સુનિશ્ચિત કરવાની અને તેની જોગવાઈઓનો અમલ કરવાની ફરજ બજાવશે. સુરક્ષા અધિકારીઓ નિયુક્ત કરાયા નથી તેવા વિસ્તારોમાં આજથી છ સપ્તાહમાં આ કવાયત પૂર્ણ કરવાનો પણ કોર્ટે આદેશ જારી કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે રાજ્યોએ પીડિત મહિલાઓ માટે સર્વિસ પ્રોવાઈડર્સ, સહાય જૂથો અને આશ્રય ગૃહોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ.રાજ્યોએ આ હેતુ માટે આશ્રયગૃહોની પણ ઓળખ કરવી જોઈએ. કાનૂની સેવા ઓથોરિટી એક્ટ હેઠળના અધિકાર પર ભાર મૂકીને ખંડપીઠે નેશનલ લીગલ સર્વિસના મેમ્બર સેક્રેટરીને આદેશ આપ્યો હતો કે તેઓ રાજ્ય લીગલ સર્વિસ ઓથોરિટીના તમામ મેમ્બર સેક્રેટરીઓને સૂચના આપે કે ઘરેલુ હિંસા ધારા હેઠળ મહિલાઓને નિશુલ્ક કાનૂની મદદ મળે છે તેની મહિલાઓમાં જાગૃતિ ફેલાવે. તેઓએ આ જોગવાઈઓનો પૂરતો પ્રચાર પણ કરવાનો રહેશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ મહિલા કાનૂની સહાય કે સલાહ માગે તો તેમને ઝડપથી મળવી જોઈએ. આ કાયદો દરેક મહિલાને મફત કાનૂની સહાય મેળવવાના અધિકારની ખાતરી આપે છે.

### બજાજ ફિનસર્વના શેરમાં મોટો ઉછાળો

# શેરબજારની મંદી પર બ્રેક, સેન્સેક્સમાં ૪૧૦ પોઈન્ટનો ઉછાળો

## બીએસઇ સેન્સેક્સ ૪૧૦.૧૯ પોઈન્ટ (૦.૫૧%) ના વધારા સાથે ૮૧,૫૯૬.૬૩ પોઈન્ટ પર બંધ થયો હતો

મુંબઈ, તા.૨૧

શેરબજાર બુધવારે વધારા સાથે લીલા રંગમાં બંધ થયું. અગાઉ બજારમાં સતત ૩ દિવસ ઘટાડો જોવા મળ્યો હતો. આજે બીએસઈ સેન્સેક્સ ૪૧૦.૧૯ પોઈન્ટ (૦.૫૧%) ના વધારા સાથે ૮૧,૫૯૬.૬૩ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે આજે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૧૨૯.૫૫ પોઈન્ટ (૦.૫૨%) ના વધારા સાથે ૨૪,૮૧૩.૪૫ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે આજના ટ્રેડિંગ દરમિયાન એક સમયે સેન્સેક્સ ૮૨,૦૨૧.૬૪ પોઈન્ટ અને નિફ્ટી ૨૪,૯૪૬.૨૦ પોઈન્ટ પર પહોંચી ગયો હતો, ત્યારબાદ તે ફરી એકવાર ઘટવા લાગ્યો.

બુધવારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૪ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને બાકીની ૬ કંપનીઓના શેર લાલ નિશાનમાં નુકસાન સાથે બંધ થયા. બીજી તરફ આજે નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૭ કંપનીઓના શેર લીલા નિશાનમાં વધારા સાથે અને બાકીની ૧૩ કંપનીઓના શેર લાલ નિશાનમાં નુકસાન સાથે બંધ થયા. આજે સેન્સેક્સ કંપનીઓમાં બજાજ ફિનસર્વના શેર સૌથી વધુ ૨.૦૨ ટકાના વધારા સાથે બંધ થયા, જયારે ઈન્ડસઈન્ડ બેંકના શેર ૧.૮૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

જિયો પોલિટિકિલ ક્રાઈસિસ, ક્રૂડના વધતા ભાવો, અને વિદેશી રોકાણકારોની વેચવાલી વચ્ચે આજે ભારતીય શેરબજાર સુધર્યા છે. છેલ્લા બે ટ્રેડિંગ સેશનથી વિદેશી રોકાણકારોએ રૂ. ૧૦૫૪૨.૦૫ કરોડની વેચવાલી નોંધાવી છે. સામે ગઈકાલે ડીઆઈઆઈએ રૂ. ૬૭૩૮.૩૯ કરોડની ખરીદી કરી હતી. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ વચ્ચે ગઈકાલે જેપી મોર્ગને ભારતનું અર્થતંત્ર વિવિધ પડકારો વચ્ચે પણ મજબૂત ગ્રોથ સાથે વેગવાન રહેવાનો રિપોર્ટ આપ્યો છે. સ્થાનિક સ્તરે આર્થિક વૃદ્ધિમાં વધારો અને ફુગાવો કંટ્રોલમાં રહેવાની અપેક્ષા છે. બીજી બાજુ માર્કેટમાં ઘટાડા સામે નીચા મથાળે ખરીદી પણ વધી છે. મીડકેપ અને સ્મોલકેપ શેર્સ બુલિશ રહેતા ઈન્ડેક્સ ૧ ટકા સુધી ઉછળ્યા છે. એકંદરે માર્કેટ આજે ગ્રીન ઝોનમાં છે.

### દેશની સૌથી મોટી બેંક RBI આપી શકે છે મોટી ભેટ

# હોમ લોન અને કાર લોન લેનારા ગ્રાહકોને રાહત મળી શકે છે

## એક્સપર્ટનું માનવું છે કે ઓગસ્ટ મહિના સુધીમાં રેપો રેટમાં હજુ પણ ઘટાડો જોવા મળી શકે છે

નવી દિલ્હી, તા.૨૧

હોમ લોન અને કાર લોન લેનારા ગ્રાહકોને આવનારા સમયમાં મોટી રાહત મળી શકે છે. જણાવી દઈએ કે મોંઘવારીમાં નરમી જળવાઈ રહેવાના અંદાજથી માર્કેટ પર નજર રાખતા એક્સપર્ટ્સનું માનવું છે કે જલ્દી જ પ્રમુખ દરોમાં ઘટાડો થવાનું શરુ થઈ શકે છે. આશા છે કે ઓગસ્ટ સુધીમાં રિઝર્વ બેન્ક બે વખત દરોમાં ઘટાડો કરી શકે છે. સેન્ટ્રલ બેંકે આ પહેલાં એપ્રિલની પોલિસી સમીક્ષામાં દરોમાં બે ચતુર્થાંશ કપાત કરી હતી. ગાલ પોલિસી રેપો રેટ ૬ ટકાએ છે. એક્સિસ બેન્કના ગ્રુપ એક્ઝિક્યુટિવ અને ટ્રેઝરી, માર્કેટ્સ એન્ડ હોલસેલ બેન્કિંગ પ્રોડક્ટ્સ પ્રમુખ નીરજ ગંભીરનું માનવું છે કે, આખું વર્ષ મોંઘવારી દર ભારતીય રિઝર્વ બેન્કના ટાર્ગેટથી નીચે રહી શકે છે, જેનાથી વ્યાજ દરોમાં વધુ કપટ થાય તેવી સંભાવના દેખાઈ રહી છે.

તેમણે આશા વ્યક્ત કરી છે કે જૂનમાં પહેલી અને ઓગસ્ટમાં બીજી કપટ થઈ શકે છે, જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે એવું કહેવું કે આ દરમિયાન દરોમાં ૧૦૦ બેસીસ પોઇંટ્સનો ઘટાડો થશે, તે ઉતાવળ હશે. જોકે, હાલ લાગી રહ્યું છે કે આગામી બે વખતમાં ૫૦ બેસીસ પોઇંટ્સનો ઘટાડો થઈ શકે છે. તેમના અનુસાર હાલ મોંઘવારી દરને જોતાં અને માર્કેટ પણ આગામી બે મહિનામાં ૫૦થી ૭૫ બેસીસ પોઇંટ્સના ઘટાડાની આશા રાખે છે. તો ICICI સિક્યોરિટીઝ પીડીના અભિષેક ઉપાધ્યાયે પણ દરોમાં બે વખત ઘટાડાની શક્યતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે મોંઘવારીના વર્તમાન સ્તરને ધ્યાનમાં રાખીને વધુ દર ઘટાડો થાય તેવી શક્યતા છે, પરંતુ RBI કદાચ સતર્ક રહી શકે છે. એક્સપર્ટ્સ આશા રાખે છે કે રિઝર્વ બેંક દરોને ૫.૫૦ ટકા સુધી ઘટાડી શકે છે. રેપો રેટમાં ઘટાડો થવાના કારણે લોન સસ્તી થશે અને લોન લેનારાઓની EMI ઘટવાથી તેમનો બોજ ઘટશે. તેમજ ઈન્ડસ્ટ્રીઝને પણ ફાયદો થશે, કારણ કે સસ્તી લોનને કારણે માંગ વધશે. સામાન્ય રીતે રિયલ્ટી અને ઓટો જેવા સેક્ટર્સને રેટ્સ ઘટવાથી ફાયદો થાય છે. જોકે, રેપો રેટમાં ઘટાડો થવાના કારણે FD વગેરેના વ્યાજમાં પણ ઘટાડો થવાની શક્યતા વધશે.

### ઈઝરાયલ કરતાં પણ મજબૂત હશે આ ડિફેન્સ સિસ્ટમ

# ડોનાલ્ડ ટ્રમ્પનું 'ગોલ્ડન ડોમ' તૈયાર કરવાનું એલાન

## વ્હાઇટ હાઉસથી બોલતી વખતે ટ્રમ્પે ખુલાસો કર્યો કે, તેમણે આ પ્રોજેક્ટ માટે અંતિમ ડિઝાઇનની પસંદગી કરી લીધી છે

વૉશિંગ્ટન, તા.૨૧

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે મહત્વકાંક્ષી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ગોલ્ડન ડોમ પ્રોજેકટની જાહેરાત કરી છે, જેની અંદાજિત કિંમત ૧૭૫ બિલિયન ડૉલર જણાવવામાં આવી રહી છે. ગોલ્ડન ડોમનો મુખ્ય હેતુ ચીન અને રશિયા જેવા દેશોથી ઉત્પન્ન થતાં જોખમથી અમેરિકાનું રક્ષણ કરવાનો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ડોમ ઈઝરાયલના આયર્ન ડોમથી અનેક ગણું મજબૂત હશે.વ્હાઈટ હાઉસથી બોલતી વખતે ટ્રમ્પે ખુલાસો કર્યો કે, તેમણે આ પ્રોજેક્ટ માટે અંતિમ ડિઝાઈનની પસંદગી કરી લીધી છે અને અમેરિકન સ્પેસ ફોર્સના જનરલ માઈકલ ગ્યૂટલિનને આ પહેલના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમે ગોલ્ડન ડોમ મિલાઈલ ડિફેન્સ શીલ્ડ વિશે ઐતિહાસિક જાહેરાત કરી રહ્યા છીએ. રોનાલ્ડ રીગન (૪૦માં અમેરિકન રાષ્ટ્ર પ્રમખ) તેને અનેક વર્ષો પહેલાં જ બનાવવા ઈચ્છતા હતાં. પરંતુ, તેમની પાસે ટેક્નોલોજી નહતી. જોકે, હવે આ જલ્દી જ આપણી પાસે હશે. અમે તેને ઉચ્ચતમ સ્તરે મૂકવા જઈ રહ્યા છે... ચૂંટણી પ્રચાર દરમિયાન મેં અમેરિકાના લોકોને વચન આપ્યું હતું કે, હું અમારા દેશને વિદેશી મિસાઈલના હુમલાના જોખમથી બચાવવા માટે અત્યાધુનિક મિસાઈલ ડિફેન્સ શીલ્ડ બનાવીશ અને અમે આજે પણ આ જ કરી રહ્યા છીએ...'ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'ગોલ્ડન ડોમ આપણી માતૃભૂમિની રક્ષા કરશે. કેનેડાએ પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રસ દાખવ્યો છે. જોકે, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના કાર્યાલય તરફથી આ સંબંધિત કોઈ ટિપ્પણી કરવામાં નથી આવી.'ગોલ્ડન ડોમ પાસેથી આશા કરવામાં આવે છે કે, તે આવનારી મિસાઈલ વિશે જાણકારી મેળવશે, ટ્રેક કરશે અને સંભવિત રૂપેતેને રોકવા માટે સેંકડો ઉપગ્રહો પર નિર્ભર રહેશે. આ આખી સિસ્ટમ ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત છે, પરંતુ ટ્રમ્પની આ એક મોટી યોજના છે. તેમાં સર્વેલન્સ ઉપગ્રહો અને ઈન્ટરસેપ્ટ ઉપગ્રહો બંનેનો સમાવેશ થશે જે લોન્ચ પછી તરત જ મિસાઈલોને નિશાન બનાવશે.

### વડાપ્રધાન મોદીએ પણ આપી શ્રદ્ધાંજલિ

# પિતાની પૂણ્યતિથિએ ભાવુક થયા કોંગી નેતા રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ બાળપણના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા અને પિતાના સપનાં પૂરા કરવાના વચનો અંગે વાત કરી

નવી દિલ્હી, તા.૨૧

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પૂણ્યતિથિએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના સ્વર્ગસ્થ પિતા રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રાહુલ ગાંધીએ પોતાના બાળપણના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા અને પિતાના સપનાં પૂરા કરવાના વચનો અંગે વાત કરી હતી. રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં લખ્યું, પાપા, તમારી યાદો મને દરેક પગલે માર્ગદર્શન આપે છે. તમારા અધૂરા સપનાઓને સાકાર કરવાનો મારો સંકલ્પ છે અને હું એમ કરીશ. આ પોસ્ટ સાથે, તેમણે પિતા રાજીવ ગાંધી સાથેના બાળપણના ફોટો શેર કર્યા.

આજે ભારતના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથિ છે. ૨૧ મે, ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં એક આત્મઘાતી હુમલામાં તેમની હત્યા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર લખ્યું, આજે તેમની પુણ્યતિથિ પર, હું આપણા ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ X પર એક વીડિયો શેર કરીને રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, રાજીવ ગાંધી - ભારતના સુપુત્ર, લાખો ભારતીયોમાં આશા જગાવી. તેમના દૂરંદેશી અને હિંમતવાન નિર્ણયોએ ૨૧મી સદીના પડકારો અને તકો માટે ભારતને તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ખડગેએ આ અંગે વધુમાં કહ્યું કે, આમાં મતદાનની ઉંમર ઘટાડીને ૧૮ વર્ષ કરવી, પંચાયતી રાજને મજબૂત બનાવવું, ટેલિકોમ અને આઈટી ક્રાંતિનું નેતૃત્વ કરવું, કોમ્પ્યુટરાઈઝેશન કાર્યક્રમો લાગુ કરવા, સતત શાંતિ કરારો સુનિશ્ચિત કરવા, રસીકરણ કાર્યક્રમો શરૂ કરવા અને શિક્ષણ પર કેન્દ્રિત નવી શિક્ષણ નીતિ રજૂ કરવાનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વડા પ્રધાન, ભારત રત્ન રાજીવ ગાંધીને તેમના બલિદાન દિવસ પર અમારી હાર્દિક શ્રદ્ધાંજલિ.

### બચુ ખાબડ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણા હતા

# હું ભાગેડુ નથી : મંત્રી બચુ ખાબડેએ આપ્યું મોટું નિવેદન

દાહોદ, તા. ૨૧

દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુનો ભ્રષ્ટાચાર કરાનારા મંત્રીપુત્ર બળવંત ખાબડ અને કિરણ પટેલની ધરપકડ બાદ બચુ ખાબડ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણ હતાં. જોકે, હવે આટલા સમય બાદ બચુ ખાબડનું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસ બદનામ કરવાનો પ્રયાસ કરતી હોવાનો મંત્રી બચુ ખાબડે દાવો કર્યો છે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું. બચુ ખાબડે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, 'કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી તેથી ખોટા આરોપો લગાવે છે અને મારા બંને પુત્રો નિર્દોષ છે. બંને દીકરાની માત્ર સપ્લાઈ એજન્સી છે અને તેઓ તપાસમાં સહકાર આપશે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું.' જોકે, તેમણે એવો પણ દાવો કર્યો કે, શ્રમિક કામ માટે અમારી એજન્સીને કોઈ કોન્ટ્રાક્ટ આપવામાં નહતો આવ્યો.

આટલા દિવસોથી સંપર્કવિહોણા રહ્યા બાદ બચુભાઈ ખાબડે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'અત્યારે દાહોદ જિલ્લામાં મનરેગાને લઈને કોંગ્રેસ અમારા પર આક્ષેપો કરી રહી છે કે, બચુભાઈના પુત્રોએ એજન્સીના માધ્યમથી ભ્રષ્ટાચાર કર્યો છે અને આ બાબતે FIR પણ થઈ છે. જોકે, સત્ય બાબત હવે બહાર આવશે. મારા દીકરાઓ પર આક્ષેપ કરાયો છે પરંતુ, મેં તેમને સામેથી જ પોલીસ સામે હાજર કરી દીધા છે. અમે સરકારની મદદ કરી રહ્યા છીએ, જે તપાસ ચાલી રહી છે તેમાં પૂરતો સહયોગ પણ આપીએ છીએ.'

કેબિનેટ બેઠકમાં ગેરહાજરીને લઈને બચુભાઈએ કહ્યું કે, 'દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી તારીખે ગુજરાત આવી રહ્યા છે, તેથી હું આજે કેબિનેટની બેઠકમાં ગયો નથી. વ્યવસ્થાના ભાગરૂપે અત્યારે હું ધાનગડમાં બેઠક કરી રહ્યો છું, ત્યારબાદ દેવગઢ બારિયા જવાનો છું અને આખી વ્યવસ્થા સંભાળી રહ્યો છું. આ વિશે મેં મુખ્યમંત્રીને આજનો રિપોર્ટ પણ આપી દીધો છે. હું ગુજરાતમાં ફરી રહ્યો છું તો કેવી રીતે મારા પર આક્ષેપ કરાઈ રહ્યા છે કે, મંત્રી ભાગેડું છે અને ભૂગર્ભમાં છે? સમગ્ર કેસને લઈને તપાસ થઈ રહી છે અને તે તપાસનો વિષય છે. મને સરકાર અને તપાસ એજન્સીઓ પર વિશ્વાસ છે. જે પણ પરિણામ આવશે તે ભવિષ્યમાં સામે આવી જશે.'

### કાર્યક્રમને લઈ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે

# ગુજરાતમાં PM મોદીના કાર્યક્રમોમાં QR કોડ વિના પ્રવેશ મળશે નહિં

## સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને QR કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૧

આગામી દિવસોમાં ગુજરાતમાં વડાપ્રધાનનો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે, તેમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં હાજર રહેનારાઓને QR કોડ આપવામાં આવી રહ્યાં છે. આ QR કોડ સ્કેન કરાયા બાદ જ કાર્યક્રમમાં એન્ટ્રી મળશે.

સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને QR કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે. વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજર રહેનારાની ઊઈ કોડ બાદ જ એન્ટ્રીની વાત સુરતમાં ચર્ચાનો વિષય બની છે.

ઓપરેશન સિંદૂર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદ, દાહોદ, ભૂજમાં કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. આ કાર્યક્રમમાં સુરત પાલિકાના ૫૦૦ કરોડથી વધુના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાત મુર્હૂત કરવામાં આવશે. જેમાં ૧૫૦ કરોડના બાયોડાયવર્સીટી પાર્કનો સમાવેશ થાય છે. વડાપ્રધાનના આ કાર્યક્રમમાં સુરતથી ૧૪૦૦ લોકો જાય તેવો અંદાજ કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો , શહેરના હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, માજી પ્રમુખ સાથે શહેરના એન.જી.ઓના સભ્યો, તબીબ અને સી.એ. જેવાને હાજર રાખવા માટે કવાયત શરૂ થઈ રહી છે. જોકે, જેમને અપેક્ષિત હોય તેવાને QR કોડ જનરેટ કરવામાં આવી રહ્યાં છે. ભાજપના ગ્રુપમાં ઊઈ કોડ માટે સુચના આપવામાં આવી છે. જેમનું રજીસ્ટ્રેશન થાય છે, પરંતુ QR કોડ જનરેટ નથી થતો તેના માટે ટેકનિકલ સર્પોટ પણ આપવામાં આવી રહ્યો છે. ભાજપમાં એવી ચર્ચા ચાલી રહી છે કે વડા પ્રધાનનો કાર્યક્રમ હોય તેમાં મોટી મેદની ભેગી કરવા માટે બસ અને અન્ય વાહનોનો ઉપયોગ થતો હોય છે. તેમાં કોણ આવે છે તે પણ જોવામાં આવતું નથી. પરંતુ પહેલી વાર ભાજપના જ કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે નાગરિકો પણ છે તેઓને ઊઈ કોડ આપવામાં આવી રહ્યાં છે તે નવાઈની વાત છે. જેનો ઊઈ કોડ સ્કેન થશે તેમને જ કાર્યક્રમ સ્થળે એન્ટ્રી મળશે, તેમ હોવાથી હવે ક્યુઆર કોડ જનરેટ કરાવવા માટે દોડધામ થઈ રહી છે.

### વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં સભ્ય રાષ્ટ્રોની એગ્રીમેન્ટને સર્વાનુમતે મંજૂરી

# કોવિડ જેવી સ્થિતિના સામના માટે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક કરાર

## વિશ્વ આજે વધુ સલામત બન્યું છે અને તેનું શ્રેય સભ્ય રાષ્ટ્રોના નેતૃત્વ, સહકાર અને દૃઢ નિશ્ચયને મળે છે

જીનીવા, તા.૨૧

ભવિષ્યમાં રોગચાળાની સંભવિત સ્થિતિ સમયે વૈશ્વિક સહકાર મજબૂત બનાવવા અને ઝડપી પગલાં લેવાના હેતુથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા મંગળવારે ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. WHOના સભ્ય રાષ્ટ્રોએ સર્વાનુમતે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક એગ્રીમેન્ટને સ્વીકારવા સંમતિ દર્શાવી છે. કોવિડ-19ના વૈશ્વિક પડકારો બાદ ત્રણ વર્ષની વાટાઘાટો પછી આ એગ્રીમેન્ટને આખરી ઓપ આપવામાં આવ્યો છે. WHOમાં મહત્ત્વના નિર્ણયો લેતી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના સેશનમાં વિવિધ દેશોની સરકારોએ WHO પેન્ડેમિક એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. સોમવારે એગ્રીમેન્ટને મંજૂરી બાબતે મતદાન થયું હતું. જેમાં 11 દેશો ગેરહાજર રહ્યા હતા અને હાજર રહેલા 124 દેશોએ સર્વાનુમતે આ એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ મંગળવારે એગ્રીમેન્ટની સત્તાવાર જાહેરાત થઈ હતી. WHOના ડાયરેક્ટર જનરલ ડૉ. એધાનોમ ઘેબ્રેયેસુસએ જણાવ્યું હતું કે, વિશ્વ આજે વધુ સલામત બન્યું છે અને તેનું શ્રેય સભ્ય રાષ્ટ્રોના નેતૃત્વ, સહકાર અને દૃઢ નિશ્ચયને મળે છે, જેના કારણે ઐતિહાસિક WHO પેન્ડેમિક એગ્રીમેન્ટનો સ્વીકાર થયો છે. તેમણે કહ્યુ હતું કે, તેનાથી ભવિષ્યમાં રોગચાળાના જોખમો સામે વિશ્વને વધારે સારી રીતે રક્ષણ આપી શકાશે.

# અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અને ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના સંયુકત ઉપક્રમે વિશ્વ મધમાખી દિવસની ઉજવણી










અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, જી.એન.એફ.એસ.યુ. અમરેલી તેમજ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ અને ગુજરાત બી (મધમાખી) ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (એફ.પી.ઓ.) (ખેડૂત ઉત્પાદક સંગઠન)ના સંયુકત ઉપક્રમે વિ મધમાખી દિવસ ૨૦૨૫ નિમિત્તે એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. અમરેલીના આજુબાજુના ગામોમાં મધમાખી પાલનમાં સારી રીતે સફળ થયેલા ૧૦ મધમાખી પાલકોએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. બાગાયત અધિકારી એમ. જી. ગોહિલ દ્વારા મધમાખીનું પાલન કઈ રીતે કરવું, મધમાખીના પાલન માટે બાગાયત દ્વારા આપવામાં યોજનાઓ, દરેક યોજનામાં કેટલી સબસીડી મળી શકે તે સાથે તેનો લાભ કઈ રીતે મળી શકે તેના વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. માનવજીવનમાં મધમાખીનું મહત્વ શું છે તે વિશે તેમણે જણાવ્યુ હતુ. ગુજરાત બી (મધમાખી) ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (એફ.પી.ઓ.) (ખેડૂત ઉત્પાદક સંગઠન)ના ઉપપ્રમુખ વી. આર. નકુમે, મધમાખીઓની વિવિધ પાંચ જાત વિશે વિગતો આપી હતી. અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્ય ડો. સ્વપ્નિલ દેશમુખે, મધમાખી અને ખેતી તેમજ સ્વાસ્થ્યલક્ષી બાબતોમાં પૌષ્ટિક અને ગુણી આહાર તરીકે મધના ઉપયોગો અને મધમાખીનું મહત્વ સમજાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે, આલ્બર્ટ આઈન્સટાઈનના કહેવા પ્રમાણે મધમાખી વગર માનવ જીવન અશકય છે, કારણ કે, ૯૦% ફલિનીકરણ મધમાખી દ્વારા થાય છે. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કે.વી.આઈ.સી.)ના મદદનીશ અધિકારી જગવીર સિંહે, રોજીંદા જીવનમાં મધના સેવનથી થતાં ફાયદાઓ વિશે વાત કરી. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો તેમણે જણાવી. મધમાખીના વિશે ફોટો–વિડિયો તેમજ વિદ્યાર્થીઓની પ્રશ્નોતરી દ્વારા વિગતો પણ તેમણે આપી હતી. કાર્યક્રમના અંતે ગુજરાત બી (મધમાખી) અને ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા સર્વે વિદ્યાર્થીઓને નેચરલ વિવિધ મધ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. સ્વપ્નિલ દેશમુખના માર્ગદર્શન હેઠળ કોલેજના સ્ટાફ બી. યુ. પરમાર, ડો. વિરાભાઈ ચાવડા, બી. ડી. મકવાણા અને ટીમ દ્વારા કરવામાં આવ્યું. અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના મદદનીશ નિયામક જગવીર સિંહ, અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્ય ડો. સ્વપ્નિલ દેશમુખ, ગાંધીનગર ગુજ. બીના ઉપપ્રમુખ વી. આર. નકુમ, બાગાયત વિભાગના નિવૃત્ત સંયુકત નિયામક બી. યુ. પરમાર અને બાગાયત અધિકારી એમ.જી. ગોહિલ અને વિદ્યાર્થીઓ તથા મધમાખી પાલનકર્તાઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી પંથકમાં વ્યાજખોરે

જેથી વૃધ્ધ ખૂબ જ ડરી જઈ પોતાની જમીન પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાંથી લોન મેળવી વ્યાજખોર બાબુભાઈ તેરૈયાને રૂા.૧૨,૦૦,૦૦૦ વ્યાજ પેટે ચુકવી આપેલ હતા. પરંતુ વ્યાજખોરને આટલી માતબર રકમથી પણ સંતોષ ન થતા હજી વધુ વ્યાજની રકમની માંગણી કરી ધાક ધમકીઓ આપતા હતા.આથી વૃધ્ધ ખુબ જ ડરી જઈ સુરત ખાતે રહેવા માટે જતા રહેલ. જેથી વ્યાજખોર સુરત ખાતે જઈ વૃધ્ધને ધમકીઓ આપેલ અને હજુ વધારે રૂપીયા વ્યાજ પેટે માંગણી કરી જો રૂપીયા ન આપે તો વૃધ્ધના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

વૃધ્ધ પાસે વધુ રૂપીયાની વ્યવસ્થા ન હોય વ્યાજખોરને જણાવેલ કે, અમારી પાસે વ્યાજ આપવા માટે હવે રૂપીયા નથી. જેથી વ્યાજખોરે બળજબરી પુર્વક વૃધ્ધની મંજુરી વગર તેમના ઘરે પ્રવેશ કરીને ૮૦૦ મણ કપાસ જેની અંદાજે કિમત રૂા.૭,૦૦,૦૦૦ હોય જે બળજબરીથી કઢાવી લઈ બારોબાર વેચી નાખેલ. તેમજ વૃધ્ધના ખેતીના સાધનો જેની આશરે કિમત રૂા.૧૨,૦૦૦ ના વાપરવાના બહાને લઈ જઈ ભંગારમાં વેચી દિધેલ એમ મળી વૃધ્ધ પાસેથી કુલ અંદાજીત રૂપિયા ૨૦,૦૦,૦૦૦ લીધેલા તેમ છતા વૃધ્ધ પાસે વધુ રૂા.૧૦,૦૦,૦૦૦ની માંગણી ચાલુ રાખી પઠાણી ઉઘરાણી કરતા હતા જે રકમ વૃધ્ધ ચુકવી શકે તેમ ન હતા.

આમ છતાં વ્યાજખોરે વૃધ્ધને ધાક ધમકી આપી અને વૃધ્ધની મરણ મુડી સમાન અને જીવન નિર્વાહ માટેનું એક માત્ર સાધન એવી લાપાળીયા ગામે આવેલ રેવન્યુ સર્વે નં.૩૫૫, ક્ષેત્રફળ હેક્ટર આરે.ચો.મી. ૨–૧૫–૪૯ વાળી ૯ વિઘા જમીન જેની હાલની બજાર કિમત રૂા.૪૦, લાખ જેટલી હોય તે જમીનનો ફકત રૂા.૧૧,૦૦,૦૦૦ નો વેચાણ કરાર કરાવી લઈ વૃધ્ધની જમીન પચાવી પાડી હતી. આ જમીન પર છેલ્લા બે વર્ષથી ગેર કાયદેસર વ્યાજખોરે કબ્જો કરી પોતે આ જમીન પર ખેતી કરવા લાગેલ હતા.

આ બાબત ખુબ જ ગંભીરતા પુર્વક લઈ પોલીસ દ્વારા વૃધ્ધને સાંત્વના આપી તેઓની રજુઆત સાંભળી, વૃધ્ધ પોતાની જમીન પરત મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવતા વૃધ્ધની ફરિયાદ લઈ ગુનો દાખલ કરી, તપાસ શરૂ કરી અને કડક અને ત્વરીત કાર્યવાહી કરવામાં આવેલ જેથી આ કામના સામાવાળાએ વૃધ્ધનો સંપર્ક કરી તેઓની ૯ વિઘા જમીન પરત આપવા માટે સમજુતી દર્શાવતા ગત તા.૧૭/૫/૨૫ના રોજ આરોપી દ્વારા વૃધ્ધની પચાવી પાડવામાં આવેલ જમીનનો બાનાખત રદ્દ કરી, દિવાની કોર્ટમાં કરેલ દાવો પરત ખેંચી જમીનનો કબ્જો વૃધ્ધને પરત સોંપેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૩ | ૧૦૨૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૫૬ | ૯૫૬ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૨૪ | ૧૧૦૭ |
| ૪ | શિંગ મોટી | ૯૦૦ | ૧૦૬૩ |
| ૫ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૬ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૫૧ |
| ૭ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૧૧ |
| ૮ | તલ કાળા | ૨૬૦૦ | ૪૦૦૫ |
| ૯ | તલ કાશ્મીરી | ૧૫૫૦ | ૨૦૭૦ |
| ૧૦ | બાજરો | ૩૬૫ | ૫૨૧ |
| ૧૧ | જુવાર | ૪૫૫ | ૪૫૫ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૮૧ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૧ |
| ૧૪ | મગ | ૧૫૯૫ | ૧૬૭૦ |
| ૧૫ | ચણા | ૯૫૬ | ૧૦૭૮ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૬૭ | ૧૧૦૪ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૬૭ | ૧૦૯૧ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૨૬ | ૧૩૫૬ |
| ૧૯ | તુવેર | ૧૧૨૫ | ૧૩૩૫ |
| ૨૦ | કપાસ | ૮૯૯ | ૧૫૫૪ |
| ૨૧ | એરંડા | ૯૯૦ | ૧૧૯૬ |
| ૨૨ | જીરૂ | ૨૭૦૦ | ૩૮૦૫ |
| ૨૩ | રાયડો | ૯૭૦ | ૯૯૦ |
| ૨૪ | રાય | ૧૦૧૦ | ૧૦૬૫ |
| ૨૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| ૨૬ | ધાણી | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨૭ | મેથી | ૭૧૦ | ૮૬૬ |
| ૨૮ | સોયાબીન | ૭૮૦ | ૮૨૮ |
| ૨૯ | કાંગ | ૨૫૦ | ૫૭૦ |

## પાના ૮ ઉપરનું ચાલું સિંહપ્રેમીઓ ઝુમી ઉઠયા

ગણતરી હાથ ધરાઈ હતી. ગુજરાતની શાન ગણાતા એશિયાઈ સિંહોની વસ્તી ગણતરીનો ૧૬મો તબકકો પૂર્ણ થયો છે, આ ગણતરીએ રાજયના ૧૧ જિલ્લાઓના ૫૮ તાલુકાઓમાં ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટરના વિશાળ વિસ્તારને આવરી લીધો. જેમાં ૩,૨૫૪ લોકોની ટીમે અથાગ પ્રયાસો કરીને ૮૯૧ સિંહોની હાજરી નોંધી છે. આ આંકડો ગુજરાતના સિંહ સંરક્ષણના પ્રયાસોની સફળતાનું પ્રતીક છે અને રાજયના વન્યજીવ સંરક્ષણના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરે છે.

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો ૧૬મો વસ્તી અંદાજે–૨૦૨૫ ૧૦મેથી ૧૩મે દરમિયાન બે તબકકામાં યોજવામાં આવ્યો હતો. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજયના જુનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચો.કિમી. વિસ્તારમાં ‘ડાયરેકટ બીટ વેરીફેકશ’ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો. સરકારે ૧૬મી સિંહ વસ્તી ગણતરી ૨૦૨૫ના આંકડા જાહેર કર્યા હતા. ગુજરાતમાં એશિયાઈ સિંહોની વસ્તીની કુલ સંખ્યા ૮૯૧ થઈ છે, જેમાં ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા, ૨૨૫ બચ્ચા નોંધાયા છે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ‘મેક ઈન ઈન્ડિયા’ના લોગોમાં એશિયાઈ સિંહ સ્થાન પામ્યો છે. ત્યારે વન વિભાગે પણ સિંહોના આશ્રયસ્થાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગત વર્ષથી સિંહોને વૈકલ્પિક આશ્રયાસ્થાન રૂપે બરડા અભ્યારણ્યમાં વસાવવા તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

વન વિભાગ દ્વારા નિયમિત રીતે કરવામાં આવતી સિંહની વસ્તી અંદાજની કામગીરી, મુલ્યાંકન અને સંરક્ષણના પરિણામે રાજયમાં ઉત્તરોતર સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. રાજયમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી.

પ્રાપ્ત અંદાજીત આંકડા મુજબ વર્ષ ૧૯૯૫માં કરવામાં આવેલી સિંહોની વસ્તી ગણતરીમાં પુખ્ત નર, માદા, પાઠડા–બચ્ચા એમ મળીને કુલ ૩૦૪ જેટલા સિંહ નોંધાયા હતા. તેવી જ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ૩૨૭, વર્ષ ૨૦૦૫માં કુલ ૩૫૯, વર્ષ ૨૦૧૦માં કુલ ૪૧૧, વર્ષ ૨૦૧૫માં કુલ ૫૨૩ અને છેલ્લે વર્ષ ૨૦૨૦માં કુલ ૬૭૪ જેટલા સિંહોન વસ્તી નોંધાયેલી છે.

એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે ‘ડાયરેકટ બીઠ વેરીફીકેશન’ ખુબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતીથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે. તેમજ માનક ભુલનો અવકાશ લગભગ શૂન્ય રહે છે. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસના મેદાનો, દરિયાકાંઠાના વિસ્તારો, રેવન્યુ વિસ્તારોમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરે છે.

સમગ્ર વિસ્તારને રિજિયન, ઝોન, સબ ઝોન જેવા શ્રેણીબદ્ધ એકમોમાં વિભાજીત કરીને રિજિનલ, ઝોનલ અને સબ–ઝોનલ અધિકારીઓ, ગણતરીકારો, મદદનીશ ગણતરીકારો, નિરીક્ષકો સહિત લગભગ ૩,૦૦૦ જેટલા સ્વયંસેવકો દ્વારા સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. તેમને સિંહોની નોંધ અને ચકાસણી કરવા માટે નિયત પત્રકો અને તેમના સોંપાયેલ વિસ્તારોના નકશા આપવામાં આવ્યા હતા. આ પત્રકોમાં અવલોકનનો સમય, હિલચાલની દિશા, લિંગ, ઉંમર, શરીર પરના કોઈ અન્ય ઓળખ ચિન્હો, જી.પી.એસ. લોકેશન, ગૃપ કંપોઝીશન વગેરે વિગતો નોંધાવામાં આવી હતી.

સિંહોની વ્યકિતગત ઓળખ કરવા માટે હાઈ રીઝોલ્યુશન કેમેરા, કેમેરા ટ્રેપસ જેવા વિવિધ ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. કેટલાક સિંહોને રેડિયો કોલર પહેરાવવામાં આવ્યા છે. જેથી સિંહ તેમજ તેના ગૃપનું લોકેશન મેળવવામાં મદદ મળે છે. સિંહ અવલોકનના રિયલ ટાઈમ ડેટા એન્ટ્રી કરવામાં મદદરૂપ થાય તે માટે e-GujForest એપ્લિકેશનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જી.આઈ.એસ. સોફટવેરનો ઉપયોગ સર્વેક્ષણ વિસ્તારોને રેખાંકિત કરવા તથા સિંહોની હિલચાલ, વિતરણ પેટર્ન અને રહેઠાણના ઉપયોગને ટ્રેક કરવા માટે વિગતવાર નકશા વિકસાવવા માટે કરવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ

**અમરેલી :** કેસરબે કાનજીભાઈ પડાયા (ઉ.વ.૧૦૫) તે હીરાભાઈ પડાયા, પ્રેમજીભાઈ પડાયા, હમીરભાઈ પડાયાનાં માતુશ્રીનું અવસાન તા. ૧૮/૦૫/ને રવિવારના રોજ થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૨૨ મેને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે તેઓના નિવાસ સ્થાન ત્રિપદા સોસાટી, બ્લોક નં.–૧, ગાયત્રી શકિતપીઠ રોડ, અમરેલી ખાતે રાખવમાં આવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૪૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૦૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૯ | ૪૯૩ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૬ | મકાઈ | ૩૦૫ | ૩૦૫ |
| ૭ | ધાણા | ૧૦૨૫ | ૧૧૨૫ |
| ૮ | શીંગદાણા | ૧૧૯૫ | ૧૨૧૦ |
| ૯ | મગફળી | ૮૮૦ | ૯૮૫ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૭૦ | ૭૫૦ |
| ૧૨ | મેથી | ૬૬૫ | ૬૬૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં વિકાસકાર્યો અર્થે

રાધેશ્યામ સર્કલ સુધી) માર્ગોના વિકાસ માટે દ્રઢ રજૂઆત કરાઈ. ઉપરાંત, ધારી અને ચલાલા શહેર વચ્ચેના માર્ગોને પણ ૪ ટ્રેક કરવા અંગે ચર્ચા કરવામાં આવી તેમજ જિલ્લાના રેલ્વે સંબંધિત પ્રશ્નો ખાસ કરીને સાવરકુંડલા–અમરેલી તથા ધારી–વિસાવદર રેલ્વે લાઈનોને લઈને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે ચર્ચા કરવામાં આવી. વિસ્તૃત માહિતી અને જરૂરિયાતો માટે મંત્રીને રજૂઆત કરી પ્રશ્નોના નિકાલ માટે સહકાર મેળવાયો. તદ્ઉપરાંત કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને મનસુખભાઈ માંડવીયા સાથે પણ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મંત્રીઓ સમક્ષ જરૂરી સૂચનાઓ આપી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. આ તમામ પ્રશ્નો અમરેલી જિલ્લાના લોકોને વધુ સુવિધા, વિસ્તૃત કનેકિટવિટી અને ખેડૂતોને તાત્કાલિક મદદ મળી રહે એ તેવા શુભ હેતુથી મકમતા પૂર્વક રજૂઆત કરવામાં આવેલ છે.

આ તકે અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, નાયબ દંડક અને ધારાસભ્યો કૌશિક વેકરિયા, મહેશભાઈ કસવાળા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા અને જિલ્લા ભાજપા અધ્યક્ષ અતુલભાઈ કાનાણી ૨૦૨૫ના મે મહિનાના ત્રીજા સપ્તાહે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હોવાનું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યુંછે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી કરડ રમેશભાઈ લીંબાભાઈ — અપીલ અરજી નં. ૫૨/૨૦૨૫
સરનામું : રહે. શેડુભાર, તા. જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.શેડુભાર, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી **કરડ રમેશભાઈ લીંબાભાઈ** તેઓના પુત્રી **જાગૃતીબેન રમેશભાઈ કરડની જન્મ (તા.૧૩/૦૩/૧૯૯૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૦૭–૦૫–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી | ૯૭૫ | ૧૦૨૫ |
| ૪ | જીરૂ | ૩૪૯૦ | ૩૯૮૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૪૦ | ૧૯૯૦ |
| ૭ | ચણા | ૧૦૫૪ | ૧૦૯૦ |
| ૮ | તલ કાળા | ૩૧૪૦ | ૩૫૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૯૧ | ૧૦૦૮ |
| ૨ | તલ સફેદ | ૧૬૫૧ | ૨૩૪૫ |
| ૩ | તલ કાળા | ૩૫૫૨ | ૩૫૫૨ |
| ૪ | તલ પીળા | ૧૮૭૬ | ૨૦૮૦ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૪ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૯૫૦ |
| ૯ | મકાઈ | ૪૬૫ | ૪૬૫ |
| ૧૦ | મગ | ૧૩૦૦ | ૧૬૫૧ |
| ૧૧ | ચણા | ૮૪૦ | ૧૧૧૨ |
| ૧૨ | સુવા | ૯૭૬ | ૯૭૬ |
| ૧૩ | સોયાબીન | ૭૭૯ | ૭૭૯ |

## જાહેર નોટિસ

**અમરેલીના મહે.ચોથા એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં રૂમ નં.૧૧૧**
**મુકામ : અમરેલી**

દિવાની પરચૂરણ અરજ નં.૧૨/૨૦૨૫
મુદત તારીખ : ૧૧/૦૬/૨૦૨૫
અરજદાર તરફે એડવોકેટશ્રી વી.વી.ભટ્ટ

**અરજદાર :** પીઠાભાઈ જેઠાભાઈ સોંદરવા, ઉ.વ.૭૪, ધંધો – બુટ ચપ્પલ સાંધવાનો (મજુરી) રહે. મોટા માચીયાળા, ઠે.દલીતવાસ, તા.જી.અમરેલી. મો.નં.૮૨૩૮૨ ૪૭૨૧૧

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :–** ————————કોઈ નહી————————

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, આ કામનાં અજદારએ અત્રેની કોર્ટમાં રાઈટસ ઓફ પર્સન ડીસેબીલીટીઝ એકટ–૨૦૧૬ ની કલમ–૧૪ અન્વયે ડીસેબલ વ્યકિતના વાલી નિમવા માટે પરચુરણ અરજી કરેલ છે. સદર કામે અરજદારની અરજ મુજબ અરજદારના **પૌત્ર મિહોલભાઈ નરસીભાઈ સોંદરવા**ની ઉંમર ૨૫ વર્ષની છે. પરંતુ તેઓની માનસીક પરીપકવતા બરોબર નથી અને તેઓ મંદબુધ્ધિના છે. અરજદારના પુત્ર **નરસી ઉર્ફે નરેશભાઈ પીઠાભાઈ સોંદરવા** અવસાન પામેલ છે તથા અરજદારના પુત્રવધુ પણ અવસાન પામેલ છે. અરજદારના પુત્ર **નરસી ઉર્ફે નરેશભાઈ પીઠાભાઈ સોંદરવા** ના બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટમાં જમા રહેલ નાણા રૂપિયા ૪૭૯૦૨/– (અંકે સુડતાલીસ હજાર નવસો બે) તેમજ અરજદારના પુત્ર નરસી ઉર્ફે નરેશભાઈ પીઠાભાઈ સોંદરવાના બેન્ક ઓફ બરોડામાં બેન્ક –વીમાની સ્કીમ મુજબ પ્રીમીયમ ભરતા હતા તેના વિમાની અંદાજીત રકમ રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે બે લાખ) જેવી મળવાપાત્ર રકમ જરૂર કાયદાકીય પ્રક્રીયા કર્યેથી તેમના એકાઉન્ટમાં જમાં થાય તેમ છે. પરંતુ બેંકની આ કાર્યવાહી કરવા અરજદારના પૌત્ર માનસીક રીતે સક્ષમ ના હોય જેથી અરજદારે તેમના એક માત્ર વાલી (ગાર્ડીયન ) તરીકે હોય અને માત્ર તેઓજ તેમની સંભાળ રાખનાર દાદા–કુટુંબીજન હોય જેથી બેંકની કાર્યવાહી તથા ભવિષ્યમાં તેના પૌત્રના હીતમાં અન્ય કાનુની કાર્યવાહી કરવા માટે અરજદારે તેઓનું ગાર્ડીયન સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે અત્રેની કોર્ટને અરજી કરેલ છે. જે અરજીની સામે કોઈને વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુદત તારીખ : મુદત : **૧૧/૦૬/૨૦૨૫** ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.**૨૧ મી**, માહે – **મે**, સને – **૨૦૨૫**ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (આર.કે.પાવરા) | (જી.એમ.ચાવડા) | સિક્કો | (આર.આર.દવે) |
| આસીસ્ટન્ટ | શિરસ્તેદાર | | ડેપ્યુટી રજીસ્ટ્રાર (જયુડી.) |
| ફોર્થ એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | ફોર્થ એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | | ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી |

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિવ્યેશ કે. રાદડીયા,** રહે : –બાબરા– અમારા અસીલ જમીન વેચનાર **ગીતાબેન બેચરભાઈ ભડકોલીયા,** રહેઃ–ગળકોટડી, તા.બાબરા, જી. અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ગળકોટડી** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ગીતાબેન બેચરભાઈ ભડકોલીયા** વેચાણ દસ્તાવેજથી **પાધરા ભીખાભાઈ લાલજીભાઈ,** રહે.૧૭૦, કસ્તુરબાધામ, રાજકોટ વાળાને વેચાણ કરવા માંગે છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | ગીતાબેન બેચરભાઈ ભડકોલીયા | ૬૬૭ | ૭૪૮ | ૧–૪૨–૬૫ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા – તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ખરીદનાર **પાધરા ભીખાભાઈ લાલજીભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૨૧–૦૫– ૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી ગીતાબેન બેચરભાઈ ભડકોલીયાની સુચનાથી**

**દિવ્યેશ કે રાદડીયા**
એડવોકેટ (B.Com.LL.B)
(ગુજરાત હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન પાસે, રાજકોટ–ભાવનગર રોડ, મુ.બાબરા,જિ.અમરેલી
Mo.87803 97092

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૧ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૮૭૬ | ૯૦૦ |
| ૩ | ચણા | ૧૦૬૨ | ૧૦૬૮ |
| ૪ | જુવાર સફેદ | ૭૫૬ | ૭૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૮૩૦ | ૧૮૩૦ |
| ૬ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |
| ૭ | તુવેર | ૧૨૬૦ | ૧૨૬૧ |
| ૮ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૬૫૨ | ૧૬૫૨ |

## જનતા જનાર્દનનાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ થતો નથી

# લ્યો બોલો : લીલીયા મોટા પંથકમાં કાયમી કર્મચારીઓની અનેક જગ્યાઓ ખાલી

### તાલુકા પંચાયતમાં કાયમી તાલુકા વિકાસ અધિકારી નથી તો મામલતદાર કચેરીમાં એકિઝકયુટીવ મામલતદાર નથી

અમરેલી, તા.૨૧

લીલીયા મોટા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીથી શરૂ કરીને ગ્રામ પંચાયતમાં મંત્રી સુધીની અનેક જગ્યાઓ ખાલી હોવાથી ઈન્ચાર્જ રોડવાતું હોવાથી તાલુકાના અરજદારોનાં રોજબરોજનાં કાર્યો સમયસર પુર્ણ થતા નથી અને શ્રમિકો અને ગરીબોને દૈનિક મજુરી છોડીને ધક્કા ખાવા પડતા હોય સક્રીય

### ગ્રામ પંચાયતમાં પંચાયત કે મહેસુલી મંત્રી પણ ની જગ્યા પણ ખાલી

ધારાસભ્ય અને સાસંદે આ મામલે રાજય સરકાર સમક્ષ રજુઆત અને તમામ કર્મચારીઓ અને અધિકારીઓની ખાલી જગ્યા ઉપર કાયમી નિમણુંક કરવી જોઈએ તેવી માંગ જનતા જનાર્દન કરી રહી છે.

લીલીયા મોટા તાલુકાનાં વિકાસ કરવાની જવાબદારી જેની સૌથી વધુ હોય છે. તેવા મહત્વનાં અધિકારી ગણાતા તાલુકા વિકાસ

### ૩ થી ૪ ગ્રામ પંચાયત વચ્ચે એક જ મંત્રી ફરજ બજાવતાં હોવાથી પરેશાની

અધિકારીની જગ્યા ઉપર કાયમી અધિકારી નથી. તો મામલતદાર કચેરીમાં એકિઝકયુટીવ મામલતદારની જગ્યા પણ ખાલી છે.

તદઉપરાંત, અનેક ગામ પંચાયતમાં મંત્રીની જગ્યા ખાલી છે. અનેએક-એક કર્મચારીનેરથી ઉ ગ્રામ પંચાયતનો ચાર્જ સોંપવામાં આવી રહયો હોય ગ્રામ્ય જનતાનાં સામાન્ય

### ધારાસભ્ય અને સાસંદે તમામ ખાલી જગ્યાઓ ભરવા સરકારમાં રજુઆત કરવી જોઈએ તેવી માંગ

કાર્યોનો ઝડપથી નિકાલ થતો નથી.

જનતાજનાર્દન એવું પણ ઈચ્છે છે કે હવે સરકારે ફિકસ પગાર, આઉટસોર્સ, રોજમદાર કર્મચારીઓને બદલે વર્ગ-૪ થી લઈને વર્ગ-૩નાં તમામ કર્મચારીઓની કાયમી ધોરણે ભરતી કરવી જોઈએ તો જ વહીવટી તંત્ર સક્રીય બને તેમ લાગે છે.

## ભાજપ સરકાર સામે કર્યા શાબ્દીક પ્રહારો

# સાવરકુંડલા : આંબરડી ગામે દબાણ હટાવાથી કોંગી અગ્રણી રોષે ભરાયા

### સરકારનું અભિયાન દિનપ્રતિદિન વધી રહયું છે

અમરેલી, તા.૨૧

ભારતીય જનતા પાર્ટી છેલ્લા ૩૦ વર્ષનાં શાસન દરમ્યાન અહમ અને અભિયાનમાં રાચી રહી છે. અને હિટલશાહી અને અરાજકતા કરી રહી છે.

નજર સમક્ષ બનતી ઘટનાઓ ગુજરાતની જનતા જોઈ રહી છે. પરંતુ આ સરકારનાં અહમી અને અભિયાન સરકાર સામે સામાન્ય લોકો આ મ જનતા આવાજ ઉઠાવે તો આ સરકાર ધ્વારા મકાન વિહોણા, ઈ.ડી.ના દરોડા અને પોલીસ સ્ટેશનમાં કેદ કરીને હેરાન કરવામાં આવી રહ્યા છે.

આ સરકાર છેલ્લા ૩૦ વર્ષથી શાસન ધ્વારા સર્વોપરી સતા પોતાના પાસે હોવાના નાતે તમામ ડીપાર્ટમેન્ટ ને લાચાર બનાવીને મજબુર કરી ને સતા ભોગવી રહી છે. "રામનાંનામેમત માંગીને સતા પર આવેલી



આ સરકાર પોતાની જવાબદારીને બાજુમાં મુકીને અભિયાન અને અહંમમાં આવીને તેમની પાર્ટીના કાર્યકર્તા, આગેવાનોનાં અંદરો અંદરનાં તેમજ એકબીજા સામે રાગદ્રેષ રાખીને તેમનો મનસુબો પુરા કરવામાં આવી રહ્યા છે. આ સરકાર મુખ મે રામ અને બગલ મેં છુરી કહેવતનું નિર્માણ ગુજરાતમાં થઈ રહ્યું છે. જેમાં સાવરકુંડલા તાલુકા કહેવાતા રાજકીય મોટા માથાના અને ભાજપના ઈશારે આંબરડી ગામે સભાયા પરિવારનાં કુળદેવી માતાજીના મંદિરને ડીમોલેશનનાં નામે તોડી પાડીને આનંદ અનુભવી રહ્યા છે. પરંતુ તેમના રાજકીય આગેવાનો, કાર્યકર્તાઓ કોઈ હીન કૃત્ય કે સરકારી જમીનોનું દબાણ કરેલ હોય તો તેમને છાવરવામાં આવી રહ્યા છે. ગમે તેવો મોટો ભ્રષ્ટાચાર કરેલ હોય કે કોઈ મોટું હીન કૃત્ય કરેલ હોય પણ તે ભાજપ માં છે એટલે તેમનો વાળ પણ વાકો થઈ શકશે નહી. પરંતુ નાનો માણસ કે હિંદુ ધર્મ માટે કોઈ ધાર્મિક મંદિર બનાવશે તો તેમના મકાનો, ધાર્મિક મંદિરો ડીમોલેશનનાં નામે તોડી પાડવામાં આવશે. અથવા કોઈ વ્યકિત સરકાર સામે અવાજ ઉઠાવશે કે તેમની વિરૂધ્ધ અન્ય પક્ષનો માણસ હશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આમ રામનાંનામે મત માંગી અને રામ રાજય બનાવવાની વાતો કરતા આ ભાજપી આગેવાનો પોતાના સ્વાર્થ માટે મંદિર, સામાન્ય માણસોનાં ઝુંપડાઓ તોડી પાડી રહી છે. આ સરકારમાં અને તેમના નેતામાં હિમત હોય તો આંબરડી ગામે સરકારી જમીનમાં રામજી મંદિર પણ બનેલ છે. તેમને તોડી પાડી બતાવે અને તેમના આગેવાનો ધ્વારા આંબરડી દોલતીના માર્ગ અને મકાન વિભાગની જમીનમાં દબાણ થયેલ છે. તે ખુલ્લું કરી બતાવે પરંતુ આ સરકાર તેમનું કશું કરશે નહી. પણ નાના અને તેમની સામેના રાગદ્વેષથી અને ભાજપનાં ઈશારે આવા ધાર્મિક તોડી પાડીને સંતોષ વ્યકત કરી રહ્યા છે. આમ સાવરકુંડલા તાલુકામાં ભાજપનું અરાજકતાનું સામાન્ય થઈ રહ્યું છે. ત્યારે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાણી ધ્વારા આંબરડી ગામે માતાજીનાં મંદિર, મઢને તોડી પાડતા આક્રોશ સાથે આક્ષેપ કરવામાં આવેલ છે.

## ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો

# અમરેલી તાલુકાના જીવલેણ હુમલાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

### એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૨૧

આ બનાવની વિગત એવી કે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૪૦૪૧૮/૨૦૨૪ થી ગુન્હો દાખલ થયેલ જેમાં બી એન એસ - ૧૧૮(૧),૩૫૧(૩),૩૫૨ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ જે કામે આરોપી તરીકે ધર્મેશભાઈ વિલાસગીરી ગોસાઈની અટક પોલીસ દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ પૂરતા પુરાવાઓ



એકત્ર કરી નામદાર કોર્ટમાં ચાજસીટ સબમીટ કરવામાં આવેલ જે કામે નામદાર કોર્ટમાં ફરિયાદી પંચો સાહેદો સરકારી સાહેદો તથા કેસના તપાસ કરનાર ને તપાસતા નામદાર કોર્ટ દ્વારા આરોપીનો નિર્દોષ છુટકારો કરતો હુકમ કરેલ જેમાં બચાવ પક્ષે વિદ્વાન ધારાશાસ્ત્રી જે આર વાળા ની લેખિત દલીલો તથા ઉચ્ચ કોર્ટના ચુકાદાઓ ગ્રાહ્ય રાખતી ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ' ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...


શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજીટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in


# બાબરામાં ચૈતન્ય પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો મંગળ પ્રારંભ








બાબરામાં ચિત્રકુટ સોસાયટીમાં મનહરદાસ બાપુ ચૈતન્ય પરિવાર ધ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનો આજે મંગળ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અહી બપોરે ૩:૩૦ કલાકે અહી આવેલ સ્વામિનારાયણ મંદિરથી ભગવાન ભાગવતજીની ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના રહીશો પરિવારના લોકો સગા સંબંધીઓ જોડાયા હતા. કથાના વ્યાસાસને મુંબઈના શાસ્ત્રી દિનેશભાઈ પંડયા બિરાજી કથાનું રસપાન કથા દરમિયાન વિવિધ ધાર્મિક અને જન્મોસત્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવશે તેમજ રાત્રીના દરરોજ વિવિધ સંગીતના કાર્યક્રમો યોજાશે. અહી કથાના મંગળ પ્રારંભે પુજય ઓધવદાસ બાપુ, પુજય ઘનશ્યામદાસ બાપુ, પુજય મણીરામ બાપુ, પુજય સિતારામ બાપુ, પુજય અવધવિહારી બાપુ તેમજ રામાંનદી સાધુ સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારી ઉપસ્થિત રહ્યા હતા. અહી કથાના મંગળ પ્રારંભે સાધુ સંતોના શુભ વરદ હસ્તે દીપ પ્રાગટય કરી દિવ્ય કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને સાધુ સંતો ધ્વારા આશીર્વચન પાઠવ્યા હતા.




# જિલ્લા કલેકટર અજય દહિયાનાં વરદ્હસ્તે દબદબાભેર શુભારંભ

# ભૈ વાહ : રાજુલામાં સુવિધાસભર જનસેવા કેન્દ્રનો પ્રારંભ

**અરજદારોને ગરમીથી રાહત મળે તે માટે નવિનીકરણ પામેલ જનસેવા કેન્દ્રમાં વાતાનુકુલિન સહિતની સુવિધા**

**અરજદારો માટે આરામદાયક બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહિતની સગવડોથી સંપન્ન જનસેવા કેન્દ્ર**

**કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાની જાણકારી માટેની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી**

**મામલતદાર કચેરીમાં મહેસુલી વિભાગનાં અનુદાનથી જનસેવા કેન્દ્ર બનાવાયું**



અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ રાજુલા તાલુકા મામલતદાર કચેરીખાતેના નવીનીકરણ પામેલા અદ્યતન જનસેવા કેન્દ્રનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ કેન્દ્રનું નિરિક્ષણ કર્યુ હતું. આ જનસેવા કેન્દ્રમાં, અરજદારોને ગરમીથી રાહત મળે તે માટે નવીનીકરણ પામેલા જન સેવા કેન્દ્રમાં વાતાનુકૂલિતની પણ સુવિધા પણ ઉમેરવામાં આવી છે.

આ અપગ્રેડેડ જનસેવા કેન્દ્રમાં નાગરિકો અને અરજદારો માટે બેસવાની આરામદાયક વ્યવસ્થા, પ્રતીક્ષા (વેઈટિંગ) કક્ષ, પીવાના પાણી સહિતની જરૂરી પ્રાથમિક સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.


આ સાથે નાગરિકોને કેન્દ્ર રાજ્ય–સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે પણ જરૂરી સુવિધાઓ માટે વિશેષ પ્રબંધ કરવામાં આવ્યો છે. વધુમાં વરિષ્ઠ નાગરિકોને (સિનિયર સિટિઝન્સ) ઓછી તકલીફ રહે તે માટે તેમને વિશેષ પ્રાથમિકતા મળી રહે તે હેતુસર અલગથી બારી અને લાઈન થઈ શકે તેવી વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું છે.

તાઉતે વાવાઝોડાને લીધે થયેલી સ્થિતિને કારણે આ જનસેવા કેન્દ્રના નવીનીકરણની આવશ્યકતા વર્તાતી હતી. મહેસુલ વિભાગના અનુદાનમાંથી રાજુલા ખાતેના આ જનસેવા કેન્દ્રને અપગ્રેડેડ કરવામાં આવ્યું છે, તેમ રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સિંહોની ડણકથી વન વિસ્તાર વધારે ગુંજી ઉઠશે

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં સિંહોની સંખ્યામાં પાંચ વર્ષમાં ૨૧૭નો વધારો થતાં સિંહપ્રેમીઓ ઝુમી ઉઠયા

**જિલ્લાની જનતા અને સિંહો વચ્ચે વર્ષો પુરાણો અતુટ નાતો રહ્યો છે**



અમરેલી, તા. ૨૧

ગુજરાતમાં સિંહની વસતીનો આંકડો જાહેર કરવામાં આવ્યો. મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલે સત્તાવાર આંકડો જાહેર કર્યો. ગુજરાતમાં હાલ ૮૯૧ સાવજ છે. વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં અંદાજે ૬૭૪ સિંહ હતા. વર્ષ ૨૦૨૫માં ૮૯૧ નોંધાયા છે. ૫ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૨૧૭નો વધારો થયો છે. ૧૧મેથી ૧૩મે વચ્ચે થઈ હતી સિંહોની વસ્તી

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)